Appendix-9



પરિશિષ્ટ ૯

અપ્રગટ નવલકથા

ચૈતન્યજ્યોતિ

પ્રકરણ ૧ લું : અજબ જોગી

" I was a Gem concealed,

Me my burning ray revealed !

-Koran-i-Sharif-

"હું એક ઢંકાયેલું નીલમ હતું ! મ્હારાં બળતા

તણખાએ મને પ્રકટ કર્યો !"

-કુરાને શરીફ-

ચાહના પ્યાલાને ઇન્સાફ અપાઇ ચૂકયા પછી શાંત અને ગંભીર ચ્હેરે જોગીએ યુવાન સામે જોયું અને મીટે મીટ મેળવીને વાત શુરૂ કીધી :

"હું જોગી કેમ થયો છું તે તમે જાણવાને ચાહો છો, નહીં વારુ ? અલબત્ત હું તમને બધુંજ કહેવાને તૈયાર છું, પણ તમે જો સ્હમજી શકશો ?"

"બાવાજી ! સ્હમજી નહીં શકું, કદાચ તો સ્હમજવાને પ્રયત્ન કરીશ - આપને પૂછીશ."

"તો વધારેની જરૂરજ નથી. એટલું બસ છે. તમે એટલું તો જોઇ શકયા છો કે બુધ્ધિના પ્રદેશ કરતાં હૃદયના પ્રદેશની મુસાફીરી વધારે ગહન છે. તમારા મિત્રોમાં તમે માન પામો છો અને તેઓ તમને ચાહે છે એનું કારણ તમારું જ્ઞાન છે પણ હું તમને વખાણું છું એનું કારણ તમારું જ્ઞાન નહીં, પણ તમારું હૃદય છે. તમારા મૃદુ હૃદયને આકર્ષે છે. બેશક, તમે લીધેલી કેળવણી દેશના વિદ્વાનોમાં કે સાક્ષરોમાં ગણાવાને પૂરતી છે, પરંતુ જે કેળવણી ફકત મગજ સુધીજ પહોંચીને અટકે છે તેના પર અમારા લોકને બિલકુલ શ્રધ્ધા નથી હોતી. એવા સૂકા જ્ઞાન કરતાં મૂર્ખ રહેવું એ માનવીને વધારે ગુણકારક છે, એવું પણ અમે માનીએ છીએ".

"મહાત્મન્ ! જમાનો બદલાયેલો છે તેથી "હૃદય" ના તત્ત્વની ઉપેક્ષા થતી ચાલેછે એ સ્પષ્ટ છે. દેશનું ભાવિ આપ કંઇ ઉકેલી શકો છો ?"

"ભાવિ ! ભાવિ તો નિઃસંશય હિત સિવાય બીજું છે જ નહીં, પણ હિતનો માર્ગજ એવો છે કે તેની મજલમાં ઘણું ઘણું શોષવું પડે છે."

"પણ મહારાજ ! જે દેશમાં અનેકાનેક ભિન્ન ભિન્ન ધર્મો છે. ભિન્ન ભિન્ન જાતિઓ છે અને ભિન્ન ભિન્ન રીતિરિવાજો છે તે દેશને હિતનો માર્ગ દેખાવો એ શું આપને સહેલું લાગે છે ?"

"સહેલું તો નહીં, પણ બેશક સંભવિત લાગે છે, કેમ કે સઘળા ધર્મોનું મૂલ <u>પ્રેમધર્મ</u> છે અને **પ્રકાશન્તરે** પણ ધર્મના વૈવિધ્યો એક કેન્દ્રમાં છેવટે મળવાનાં જઃ પ્રેમધર્મ વિના માનવજાતિનું શાશ્વત નિયંત્રણ જાણે અવ્યવસ્થ થઇ ગયું છે અને તે પ્રેમધર્મના ઉદયની સાથેજ વ્યવસ્થ થતું ચાલેછે. ભારતવર્ષમાં તેમજ વિશ્વ સમસ્તમાં – <u>પ્રેમધર્મનો</u> દિવ્ય અરુણોદય તો થઇ ચૂકયો છે. હું અને તમે મળયા છીએ અને મળીએ છીએ, તે આ પ્રેમધર્મના અરુણજયોતિને આકર્ષાઇને તેને વશ વર્તીએ છીએ માટે જ".

"બાવાજી ! સર્વત્ર સમાન પ્રેમ રાખવો એ પ્રેમધર્મ, એજ આપના કહેવાનો આશય છે, નહીં વારુ ?" યુવાને બાવાજીના લાંબલચક ભાષણને અન્તે પૂછયું.

"ના, અને હા, આવા બે પરસ્પર વિરોધી શબ્દોથી હું તમારો જવાબ દઉં છું, કેમ કે <u>ધર્મ</u> માત્ર દેશકાળને અનુસરે છે અને સ્થિતિને આધારે ટકે છે, પરંતુ સત્ય તો દેશકાળ અને સ્થિતિ ઉપર સત્તા ચલાવે છે. <u>પ્રેમધર્મ</u> એટલે ધર્મનો કોઇ નવો પંથ નહીં, ધર્મનો કોઇ જુદો માર્ગ નહીં. પ્રેમ એટલેજ <u>પરમાત્મા</u>. <u>પરમાત્મા</u> એટલેજ <u>સત્ય</u> – <u>સત્ય</u> એટલે <u>સંપૂર્ણ સત્ય</u> અને એટલેજ પ્રેમનું સર્વોપરી તત્ત્વ.

જે પિંડને ચલાવે છે તેજ પ્રેમતત્ત્વ સકલ બ્રહ્માંડને ચલાવી રહ્યું છે. પ્રેમની અને ધર્મની એકવાક્યતા એટલે ધર્મપ્રેમ. ઉષ્મા અને પ્રકાશ એ બન્ને પ્રેમધર્મના અરુણનાં જ લક્ષણો ઉપરથી આર્યોના વેદોએ પરમાત્માને – જ્ઞાનસવિતા એવું નામ આપ્યું છે – ધર્મપ્રેમને

".

"બાપજી ! આપ તો જાણે ફિલસૂફીના પ્રોફેસર છો !" યુવાને વચમાં જ કહ્યું.

બાવા ભૂમાપતિએ ઉત્તર આપ્યો :–

"ફિલસૂફીને અમે લોક માનતા જ નથી. કોઈયે ફિલસૂફીનો હું પ્રોફેસર નથી. કેવળ શુધ્ધ નિર્ગુણ નિરંજન પરમાત્મ તત્ત્વનો હું 'થિયોલોજિયન' છું".

"થિયોલોજિયન ? – થિયોલોજિયન – ફિલોસોફર નહીં! થિયોલોજિયન !" ચેતનબાળુથી બોલી જવાયું, જોગીશ્વર ભૂમાપતિ પ્રત્યે તેને અતુલ આદર હતો. તેમનાં દર્શન સૌ કોઈને સરખી રીતે દશ્ય ન હતાં કેમ કે તેઓ કોઈનો સમાગમ ચાહનારા ન હતા. તેમના આશ્રમે ચેતનબાળુ પહેલવહેલો આવેલો હતો. તેનાં મન અને બુધ્ધિ બાવાજી ભૂમાપતિનાં દર્શન થતાં જ મુગ્ધ થયા હતાં.

"થિયોલોજિયન" શબ્દ સાંભળતાં જ ચેતનબાળુને જાણે કોઈ પૂર્વસ્મૃતિ જાગ્રત થઈ હોય તેમ થઈ આવ્યું. તેના નેત્રો મીંચાઈ ગયાં અને જાણેઅજાણે તેના ચિત્તપટ ઉપર યોગીશ્વર ભૂમાપતિની મૂર્તિ ધીમે ધીમે સાંગોપાંગ ચિતરાતી ચાલી.

બાવાજી ભૂમાપતિએ જવાબ દીધો :

"થિયોલોજિયન શબ્દથી શા માટે ચમકો છો ? થિયોલોજી એટલે બ્રહ્મવિદ્યા – થિયોલોજી એટલે આ લોકે હું થયો છું શું કરવા એનો પૂરો અને ખરો જવાબ દેનારી બ્રહ્મવિદ્યા".

પણ ચેતનબાળુએ આ બધું યથાર્થ સાંભળ્યું હોય એમ દેખાયું નહીં. જો કે રાત્રિ મોડી થઇ હતી અને સુવાને બધી રીતે શ્રમ લીધો હતો છતાં બાવાજી તો નિરંતરના તાજા ને તાજા જ હતા. તેમણે લાંબે હાથે પોતાની સુન્દરીને ખોળામાં લીધી અને તેણે આલાપવા માંડ્યું :–

મહાત્મા ભૂમાપતિને પોતાના સિતારના તારમાં મસ્ત રહેવા દઈને આપણે થોડોક માનસિક સમાગમ કરીશું.

જોગીશ્વર ભૂમાપતિ અસામાન્ય પુરુષ હતા. તેમનાં નેત્રો અને તેમની વાણીએ અસામાન્યતામાં વિશિષ્ટ બળ મૂકનારા હતાં. તેમ જ તેમની વિચારશીલ મુખમુદ્રા આંખીને આખી અસામાન્યતા જ દેખાડી આપનારી હતી.

એક કવિએ કહ્યું છે કે સારા કવિની કવિતા, સારા આંબાની પાકી કેરી અથવા સુન્દર સ્ત્રી એટલામાં જેને રસ ન પડે તે કાં તો યોગી હોય કે કાં તો મૂર્ખ હોય. બાબા ભૂમાપતિ આવું ન માનતાં. તેઓ કહેતા કે સારી કવિતામાં રસ લેવો એ માનવબુધ્ધિનું પ્રલોભન અને તેનું જ પરિણામ છે. ખાવાપીવામાં રસ લેવો એ અનિગ્રહિત મનનું પ્રલોભન અને તેનું જ પરિણામ છે અને સુન્દર સ્ત્રીમાં રસ લેવો એ અવશ ચિત્તનું પ્રલોભન અને તેનું જ પરિણામ છે.

કવિ કાલિદાસને માટે તો તેઓ ખાસ કરીને કહેતા કે દશ્યનાં વર્ણનો કરીને મનુષ્યને મુગ્ધ બનાવવાનો અપરાધ કર્યો છે, અને એ ગુનાનો એણે દેશમાં ચેપ ફેલાવ્યો છે. માનવીની વૃત્તિને તો ભવભૂતિ, વ્યાસ અને હોમર જેવા કવિની જરૂર છે. એવું તેઓ આગ્રહથી માનતા અને વાતવાતમાં મનાવતા. શેકસ-પિયર કરતાં મિલ્ટનને પણ તેઓ આવા જ મુદ્દા ઉપર અધિકતર માનતા. પોતાના અભિપ્રાયને ઇતર મનુષ્ય અનુસરે કે નહીં તેની બાબા ભૂમિપતિને કશીયે પરવા કદાપિ પણ રહેલી નહીં.

. . . . .